
Process Safety Beacon
Messages for Manufacturing Personnel
www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance CCPS Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# ૨૦મી વર્ષગાંઠ ના અભિનંદન - સુરક્ષા બીકન

નવેમ્બર ૨૦૨૧




ચિત્ર ૧. ૨૦ વર્ષ ની પ્રક્રિયા સુરક્ષા બીકન ની સફર

વીસ વર્ષ પહેલાં સીસીપીએસ સભ્ય કંપનીના પ્રતિનિધિઓ ભેગા થયાં અને એવુ નક્કી કર્યુ કે નવા સુરક્ષા પ્રક્રિયા સાધનની જરૂરિઆત છે. આ સાધન પહેલી હરોળના કર્મચારીઓ – જે મુખ્યત્વે ઓપરેશન અને મેઈન્ટેનન્સના માણસો છે તેમના માટે હોવુ જોઈએ, જેના ફળસ્વરૂપ પ્રક્રિયા સુરક્ષા બીકનનો જન્મ થયો. નવેમ્બર ૨૦૦૧ની પહેલી આવૃત્તિથી, જે ફક્ત વર્ણન સ્વરૂપે હતી, કમીટી તેને દર મહિને બહાર પાડતુ હતુ અને અત્યારે તેને ૩૦,૦૦૦ થી વધારે ગ્રાહકોને ઈ-મેઈલથી મોકલવામાં આવે છે. તેને વાંચનારો વર્ગ થોડાક સભ્યોથી વધીને અત્યારે અંદાજીત ૧૦ લાખ છે.

બીકન ને પ્રક્રિયા સુરક્ષાના સંદેશા પહેલી હરોળના કર્મચારીઓ સુધી પહોંચાડવાની ઈચ્છાથી બનાવવામાં આવ્યા છે જેથી તેઓ બધાને વહેંચી શકે, બુલેટીન બોર્ડ ઉપર દર્શાવી શકે, ટુલબોક્ષ મીટીંગમાં વાપરી શકે અને માણસોને પ્રક્રિયા સુરક્ષા પળોની યાદ અપાવવી શકે.

૨૦ વર્ષના ઈતિહાસમાં ૨૦૦થી વધારે બીકનને પ્રકાશીત કરવામાં આવેલા છે, તમે આ બધા જ બીકનને પ્રક્રિયા સુરક્ષા બીકનના નીચેના આર્કાઈવ પરથી મેળવી શકો છો.

*https://www.aiche.org/ccps/resources/process-safety-beacon/archives*

## શું તમે જાણો છો ?

- એઆઈસીએચઈના બધા પબ્લીકેશનમાં પ્રક્રિયા સુરક્ષા બીકન સૌથી વધારે વંચાય છે. આખી દુનિયામાં લગભગ ૧૦ લાખ લોકો તેને વાંચે છે.
- બીકનમાં દર મહિને પ્રકાશીત કરવામાં આવતી માહિતી સાચી છે અને વાંચનારને ઉપયોગી છે તે ચકાસવા કમીટી ઘણી બધી માહિતીની સમીક્ષા કરીને ચકાસે છે, તેમની આ ૨૦ વર્ષની મહેનત બહુ મોટા આભારને પાત્ર છે.
- બીકન હવે ૪૦ ભાષામાં ઉપલબ્ધ છે, આ ખંતીલા અનુવાદકોનો આભાર જેઓ સમય કાઢી સચોટ ભાષાંતર કરી આપે છે.
- બીકન બધા માટે ફ્રી છે, તેમાં ગ્રાહક બનવા માટે નીચેની લીંક પર જાઓ. *https://aiche.informz.net/AICHE/pages/Beacon_Subscribe_Page*
- બીકનની કોપી કરવી અને બીજાને વહેંચવા પર પાબંધી નથી, પરંતુ એમ કરવુ પ્રોત્સાહનને પાત્ર છે.
- બીકનમાં અકસ્માતના વિવરણમાં કેટલાંક જવાબદાર કારણોની ચર્ચા કરવામાં આવે છે પરંતુ ઘણી વાર આ ઘટના બનવા પાછળ બીજા પણ ઘણા બધાં જવાબદાર મુદાઓ હોય છે.

## તમે શું કરી શકો ?

- તમારા સાથીઓ સાથે બીકનની ચર્ચા કરો અને એવા મુખ્ય આઈડીયાને શોધો જે તમે તમારી કામગીરીમાં ઉપયોગ કરી શકો.
- બીકન વાંચો અને તમે તમારી જાતને સવાલો પુછો, જેવા કે;
  - આ પ્રકારની ઘટના મારા વિસ્તારમાં બની શકે?
  - આ અકસ્માત રોકવા માટે મારી પાસે કેવી સુરક્ષા પ્રણાલીઓ છે?
  - સુરક્ષા સાવચેતીઓ યોગ્ય સ્થિતિમાં છે?
- બીકનને વાંચો અને તેને વહેંચતા રહો
- તમારી પાસે બીકન માટે કોઈ વિષય હોય તો તેને અહીં મોકલો : ccps_beacon@aiche.org

**બીકન – પ્રક્રિયા સુરક્ષા બોધપાઠની સહભાગિતાના ૨૦ વર્ષ !**

©AIChE 2021. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.